**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૧ ટકા

# સિવિલમાં હિમોડાયાલિસીસ વિભાગ ફેરવવા હિલચાલ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા હિમોડાયાલિસીસ વિભાગને સિવિલ તંત્ર દ્વારા ખસેડવા માટે હિલચાલ ચાલી રહી છે. ૬૦૦ બેડની બિલ્ડીંગમાં ત્રીજા મજલે સ્થિત ડાયાલિસીસ સેન્ટર નવી ઓપીડી બિલ્ડીંગના ૪ માળે શીફ્ટ કરાશે. હિમોડાયાલિસીસ સેન્ટરને ગાંધીનગરમાં પાંચ વર્ષ જેટલો સમય થયો છે. જયારે એક માસમાં ૧૦૦ જેટલા દર્દીઓ ડાયાલિસીસ કરાવવા માટે આવે છે.

મળતી માહિતી મુજબ આઈકેડીઆરસી દ્વારા રાજયના જિલ્લાની કેટલીક હોસ્પિટલ ખાતે હિમોડાયાલિસીસ સેન્ટર




શરુ કરાયા છે. જેમાં પાંચ વર્ષ પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પણ હિમોડાયાલિસીસ સેન્ટરનો પ્રારંભ કરાયો હતો. આઈકેડીઆરસી સંચાલિત ગાંધીનગર સેન્ટરમાં એક મહિનામાં ૧૦૦ થી વધુ દર્દીઓ ડાયાલિસીસ માટે આવે છે. જેમાં ગાંધીનગર અને અન્ય જિલ્લાના દર્દીઓનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની બિલ્ડીંગમાં ત્રીજા માળે હિમો ડાયાલિસીસ સેન્ટર કાર્યરત છે. આ સેન્ટર સવારે ૯ થી સાંજ સુધી કાર્યરત રહે છે. જયારે તેમાં ડોકટર થી લઈને ટ્રેનીંગ લઈ ચુકેલા કર્મચારીઓ ફરજ બજાવે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા આઈસીયુ વિભાગનો વિસ્તાર મોટા કરવા માટે અને બેડની સંખ્યા વધારવા માટે હિમોડાયાલિસીસ વિભાગને ખસેડવો પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. જયારે હિમોડાયાલિસીસ વિભાગને ઓપીડી બિલ્ડીંગના ચોથા માળે લઈ જવાશે. જયાં કોઈપણ અડચણ વિના દર્દીઓ શાંતિથી અવર-જવર કરી શકે. સિવિલ તંત્રના અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી દેવામાં આવ્યું છે. હિમોડાયાલિસીસ વિભાગ આગામી ગણતરીના મહિનામાં નવી ઓપીડી બિલ્ડીંગ ખાતે ખસેડી દેવામાં આવશે અને ત્યાં કાર્યરત પણ કરી દેવાશે. જેથી ડાયાલિસિસીસ માટે આવતા દર્દીઓને તકલીફનો સામનો કરવો પડે નહી.



કોરોના મહામારી આપણી બેદરકારીનું પરિણામ છે જેણે બહુ મોટો બોધપાઠ આપ્યો છે. જો કે હજુ પણ અનેક નાગરિકો એવા છે કે જેઓ જીવનમાં સ્વચ્છતા અપનાવવા બાબતે હોવા જોઈએ તેટલા ગંભીર નથી જેનું પરિણામ સૌને સામુહિક રીતે ભોગવવું પડે છે. સ્વર્ણિમ પાર્ક સૌ નાગરિકોને ખૂબ ગમે છે અને પરિવાર સાથે સૌને ત્યાં સમય વિતાવવો પસંદ પડે છે પરંતુ આ પાર્કની સ્વચ્છતા અને સુંદરતા જળવાઈ રહે અને પર્યાવરણને પણ નુકસાન ના થાય તે હેતુથી કચરાનો યોગ્ય નિકાલ કરી શકાય તે માટે ડસ્ટબીનની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં અનેક નાગરિકો ડસ્ટબીનની બહાર જ કચરો નાંખી દેતાં અચકાતાં નથી.

# ઈન્ફોસીટી એચ બ્લોકમાં આગ લાગી



તાજેતરમાં આગના બનાવો વધી જતાં ફાયર સેફટીને લઈને નિયમો ખૂબ કડક બનાવવામાં આવી રહ્યા છે. શહેરમાં પણ ઓફિસો તેમજ રહેણાંક વિસ્તારમાં ફાયર સેફટને લઈને નોટીસો પાઠવવામાં આવી છે અને દરેકને તેને લગતી કાર્યવાહી ઝડપથી કરવા નોટીસો પણ ફાળવવામાં આવી છે. ત્યારે આજે ઈન્ફોસીટી ટાઉનશીપ વિસ્તારમાં આવેલા એચ ફલેટના ૪ થા માળે ૪૦૩ નંબરના મકાનમાં સવારના ૧૧ કલાકના અરસામાં આગ લાગી હતી. આગની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલીક પહોંચી જઈને ફલેટના ૪ થા માળે લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી કાબુમાં કરી લીધી હતી. આગને પગલે ઘરમાં રહેલી થોડીક ચીજવસ્તુઓ બળીને ખાક થઈ ગઈ હતી.



સંત રોહિદાસ મંદિરથી સે-પમાં જવાના માર્ગ ઉપર ગટરનું ઢાંકણું તુટી જવાથી રાહદારીઓને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે અહીં જલ્દીથી તંત્ર દ્વારા સમારકામ થાય તેવી કોર્પોરેટર હેતલબેન જોષીની માંગ છે.

# ગાંધીનગરના રહેવાસી તોલમાપ અધિકારી કે.એમ.રાવલ ૩૧મી ડિસેમ્બરે વયનિવૃત થયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેક્ટર -૨૫ના રહેવાસી અને ભાવનગર જીલ્લામાં ફરજ બજાવતા તોલમાપ અધિકારી શ્રી કે.એમ.રાવલ તા.૩૧/૧૨/૨૦૨૦ના રોજ વયનિવૃત થયા છે. શ્રી વડનગરા નાગર સમાજના અગ્રણી એવા શ્રી કે.એમ.રાવલ દ્વારા ભાવનગર ખાતેના સપ્ટે-૨૦૧૯ થી વયનિવૃત કાર્યકાળ દરમ્યાન ભાવનગર તથા બોટાદ જીલ્લામાં તેમની રાહબરી હેઠળ નિરીક્ષકો દ્વારા વિવિધ એકમોની મુલાકાત લઈ વજન માપ ધારા, નિયમો તથા પેકેઝ કોમોડીટીઝ નિયમો હેઠળ ૩૧૨ એકમો સામે કાર્યવાહી કરી ૪,૩૧,૧૦૦ માંડવાળ ફી વસુલ કરેલ છે તથા ૬,૨૬૧ એકમોની ચકાસણી કરી ૩.૬૪,૭૨,૪૭૬ ચકાસણી મુદ્રાંકન ફી તથા અન્ય ફી સહિત કુલ ૮૧,૫૬,૪૧૭ વસુલ કરેલ છે.




કોવિડ-૧૯ કાળ દરમ્યાન પણ તેઓની રાહબરી હેઠળ ગ્રાહકલક્ષી કામગીરી પણ કરવામા આવેલ છે. ગ્રાહકો તરફથી આવેલ ફરીયાદોનું સુચારૂપણે સમયમર્યાદામાં નિકાલ કરી ગ્રાહકોના હિતમાં પગલા લઈ સંતોષકારક નિરાકરણ લાવવામાં મહત્વની ભુમિકા ભજવેલ છે. તેમના દ્વારા ભાવનગરના કાર્યકાળ દરમ્યાન કરેલ કામગીરીમાં મળેલ સાથ સહકાર બદલ તમામ પદાધીકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, તમામ વેપારી વર્ગ તથા તમામ પ્રજાજનોનો સકારાત્મક પ્રતિભાવ તથા સહકાર બદલ હૃદયપૂર્વક શુભેચ્છા સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

# સે-૨૨માં વૃક્ષોનું નિકંદન અટકાવવા વસાહત મહાસંઘ પણ મેદાનમાં

## વૃક્ષો બચાવવા માટેના પ્રકૃતિ સુરક્ષા અભિયાનના વિનમ્ર આંદોલનને એક પછી એક સંસ્થાઓનો સહયોગ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૨૨માં તંત્ર દ્વારા વર્ષો જૂના ઘટાદાર લીલાછમ વૃક્ષો જે સેકટરનો આંતરિક માર્ગ પહોળો કરવાના કામને અનુલક્ષીને કાપી નાખવાનું તંત્ર દ્વારા નિયત કરાયું છે તે બાબતે શહેરીજનોમાં રોષ વધતો જઈ રહ્યો છે. આ વૃક્ષોને બચાવવા પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા વિનમ્ર લડત છેડવામાં આવી છે જેમાં આજે શહેર વસાહત મહાસંઘે પણ ઝંપલાવ્યું હતું. જે અંતર્ગત મહાસંઘના હોદ્દેદારો દ્વારા આજે સેકટરમાં મુલાકાત લઈ તંત્ર સામે વૃક્ષોની કટૌતી અટકાવવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

આજે સે-૨૨ના વિસ્તારમાં જાહેર મુખ્ય રોડ અને આંતરિક રીંગરોડની બન્ને બાજુ સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત રોડ પહોળા કરવાની આવી રહેલી કામગીરી માટે બંન્ને સાઈટ પર વર્ષો જુના વૃક્ષો ઉછેરવામાં આવેલા છે તે વૃક્ષોને કાપી નાંખવા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીનો ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. મહાસંઘમા પ્રમુખ



કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે, 'શહેરનો વિકાસ થાય તેમાં અમારો પુરો સહકાર છે પરંતુ વિકાસના નામે શહેરના વર્ષો જુના વૃક્ષો કાપી નાખવામાં આવે તેનો અમારા દ્વારા સખત વિરોધ કરવામાં આવે છે, હાલ ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરના જ મત વિસ્તારમાં આ રોડ પહોળા કરવામાં આવી રહેલા છે જે વિસ્તારમાં ટુક સમયમાં જાહેર રોડ તથા આતરિક રીંગ રોડ પરના સેંકડો વૃક્ષોનુ નિકંદન કાઢવામાં આવનાર છે જે બાબતે સરકારને અમારી વિનંતી છે કે રોડ પહોળા કરવા વચ્ચે આવતા વૃક્ષો બચાવી લેવા અથવા થોડી જગ્યા છોડી લીલાછંમ ઘટાદાર વૃક્ષો પર્યાવરણને ધ્યાને લઈ શકય એટલા વધુ વૃક્ષો બચાવવા અને બાકીનાનું બીજી જગ્યાએ સ્થાનાંતર કરવામાં આવે પરંતુ વૃક્ષો કપાતા બચાવવા જોઈએ જ તેવી અમારી માગણી છે.

જો આ માંગણી ધ્યાને લેવામાં નહીં આવે તો ગાંધીનગર શહેરની તમામ પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ અને શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે ભેગા મળીને સરકારમાં આવેદનપત્ર આપવામાં આવશે અને સખત વિરોધ કરવામાં આવશે. જરૂર પડે પર્યાવરણને બચાવવા ઉગ્ર આંદોલન કરવામાં આવશે જેની સરકારે નોંધ લેવા વિનંતી છે.'

આજના કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો કેશરીસિહ બિહોલા, રાજેન્દ્ર પારેખ, પ્રદિપસિંહ બિહોલા, કે પી સોલંકી, કાનજીભાઈ દેસાઈ, બી. એમ. ભરવાડ, ચંદ્રકાન્ત સોની, પ્રકૃતિ રક્ષા આંદોલનના પર્યાવરણપ્રેમી પ્રગ્નેશભાઈ જોષી, વિઠ્ઠલભાઈ પરમાર, અશ્વિનભાઈ રાઠોડ તથા સે.૨૨ના સ્થાનિક વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# સે-૧૯ના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે મેયરની 'સરપ્રાઈઝ વિઝિટ'

## શેરો પોઝિટીવ બાળકોની પ્રાથમિક સુવિધા માટે ચાલી રહેલા રિનોવેશન કાર્યની સમીક્ષા કરી સંતોષ વ્યકત કર્યો



ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૯ ખાતે સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ફોર બૉયઝ નામની સંસ્થા કાર્યરત છે. જયાં રાજયભરમાંથી નિરાધાર શેરો પોઝિટીવ બાળકોને આશ્રય આપવામાં આવ્યો છે, તે સાથે તેમના શિક્ષણ અને યોગ્ય વિકાસ માટે સારસંભાળ લેવામાં આવે છે. આ સંસ્થાનું સંચાલન હવે શહેરની જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા સંભાળવામાં આવી રહ્યું છે જેના દ્વારા શેરો પોઝિટીવ બાળકોને તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે સંસ્થા કાર્યરત છે. બાળકોને મળવાપાત્ર પ્રાથમિક સુવિધાઓને અનુલક્ષીને સંચાલક સંસ્થા દ્વારા કેટલાંક રિનોવેશન કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. જે કાર્યોની સમીક્ષા કરવા આજે અચાનક જ શહેરના મેયર રીટાબેન પટેલ કોઈ પણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના પહોંચી ગયા હતા. આ સમયે જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપભાઈ પરીખ તથા ટ્રસ્ટી રાજેશભાઈ ભટ્ટે મેયરને સંસ્થાની મુલાકાત કરાવી હતી અને જરૂરી માહિતી પુરી પાડવા સાથે મેયરના સવાલોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા. સરપ્રાઈઝ ચેકીંગ વિઝિટના અંતે મેયરે સંસ્થાની કામગીરી પ્રત્યે સંતોષ વ્યકત કર્યો હતો જયારે સંસ્થાના હોદ્દેદારોએ મેયરનો આભાર માની અભિવાદન કર્યું હતું.

# ગાંધીનગરની રંગોલીને બેસ્ટ પ્રિ-સ્કૂલનો એવોર્ડ

ગાંધીનગર, તા.૨

કોરોનાની મહામારીમાં દેશમાં લોકડાઉન સાથે શિક્ષણ ક્ષેત્રે પણ લોકડાઉન જેવી સ્થિતિ હતી ત્યારે ઓનલાઈન માધ્યમથી શૈક્ષણિક ક્ષેત્રે થોડી રાહત થઈ હતી. મોટા ધોરણવાળા બાળકોને આ બાબતે વધુ તકલીફ નથી પડી પરંતુ નાના બાળકોને ઓનલાઈન શિક્ષણ આપતી વખતે શિક્ષકોને ઘણી સ્ટ્રેટેજી ઘડવી પડી હતી. ઉપરાંત બાળકોના વાલીઓને પણ આ બાબત કાઠી પડી રહી હતી. શહેરની અમુક પ્રિ-સ્કૂલ બંધ થઈ ગઈ. અમુકે શિક્ષણ થોભાવ્યું તો અમુક પ્રિ-સ્કૂલ દ્વારા ઓનલાઈન વિડીયો લેકચર્સ બાળકો માટે વાલીઓને મોકલાતા. ત્યારબાદ ઝૂમ મિટીંગ દ્વારા શિક્ષણ આગળ વધ્યું પરંતુ પ્રિ-સ્કૂલમાં ભણતા બાળકોને એક સાથે બેસાડી શિક્ષણ આપવું કે એકટીવીટી કરાવવી મુશ્કેલ બની રહી હતી ત્યારે શહેરની રંગોલી પ્રિ-સ્કૂલ દ્વારા સૌ પ્રથમ એપ્લીકેશન બનાવી અને ત્યારબાદ ઝૂમ મિટીંગના માધ્યમથી લોકડાઉન દરમિયાન પણ શિક્ષણ ચાલુ રાખવામાં આવ્યું હતું અને હાલમાં પણ રંગોલી ગૃપ ઓફ ઈન્સ્ટિટયુટસના એકેડેમિક ડિરેકટર અનામિકાબેન અંજારિયાના માર્ગદર્શન હેઠળ કોરોનાને કારણે રંગોલી ગૃપ ઓફ ઈન્સ્ટિટયુટ હેઠળ રાજયની ૬૦થી વધુ ફ્રેન્ચાઈઝી શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે. પ્રિ-સ્કૂલ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ રંગોલી ગૃપને આ વર્ષે વિવિધ સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલે ઈનોવેટીવ ચાઈલ્ડ એન્ગેજમેન્ટ પ્લાન ઉપરાંત બેસ્ટી પ્રિ-સ્કૂલ ઓફ ધી યરના એવોર્ડથી વર્ચ્યુઅલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૨૦માં રંગોલી પ્રિ-સ્કૂલને એકસીલન્સ ઈન ઈનોવેટીવ ચાઈલ્ડ એન્ગેજમેન્ટ પ્લાન હેઠળ બેસ્ટ પ્રિ-સ્કૂલ ચેઈન ઓફ ધ યર ૨૦૨૦, નેશનલ સ્કૂલ એવોર્ડ ૨૦૨૦ દ્વારા બેસ્ટ પ્રિ-સ્કૂલ ઓફ ધ યર એવોર્ડ પ્રાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે એશિયાની ટોપ ૫૦ ફ્રેન્ચાઈઝડ પ્રિ-સ્કૂલમાં અર્લી ચાઈલ્ડહૂડ







એસોસિએશન દ્વારા રંગોલી પ્રિ-સ્કૂલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રંગોલી ગૃપ ઓફ ઈન્સ્ટીટયુટના એકેડેમિક ડાયરેકટર અનામિકા અંજારિયાનો વર્ષ ૨૦૨૦માં ઈન્ડિયાના ટોપ ૨૦ એજયુકેશન ફિલ્ડના વુમન લિડર તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત તેમને ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઈન્ટરનેશનલ એજયુકેટર એવોર્ડથી, ઓનર ૨૦૨૦ રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીનગરના પ્રિન્સીપાલ તરીકે તેમના એજયુકેશનલ ફિલ્ડમાં ફાળો આપવા બદલ અને સિધ્ધી બદલ નવાજવામાં આવ્યા છે. આ તમામ વર્ચ્યુઅલ એવોર્ડ ફંકશનમાં સંસ્થાના સભ્યોએ પણ ઓનલાઈન ભાગ લીધો હતો.

કોરોનાના આ કઠિન સમયમાં પણ શહેરમાં કાર્યરત રંગોલી ગૃપ હેઠળની પ્રિ-સ્કૂલ અને ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કરવામાં આવી રહેલી શૈક્ષણિક કામગીરી શહેર તથા ગુજરાતની બહાર પણ પોતાની પ્રતિભા બતાવી ઓળખાણ પ્રાપ્ત કરી છે તે ગાંધીનગર માટે ગૌરવ લેવા જેવી વાત છે ત્યારે રંગોલી ગૃપ ઓફ ઈન્સ્ટિટયુટસના એકેડેમિક ડાયરેકટર અનામિકાબેન અંજારિયા સાથે વાત કરતા તેઓ જણાવે છે કે, કોરોનાના આ કપરા કાળમાં એજયુકેશન પ્રોસેસ ચાલુ રાખવી એ ખૂબ ચેલેન્જીંગ કામ હતું. ઓનલાઈન એજયુકેશન એ સૌ માટે નવું હતું. નાના બાળકોને ઓનલાઈન એંગેજે રાખવા અમે 'એપ બેઝડ' એજયુકેશનની શરૂઆત કરી. ઓનલાઈન એજયુકેશનને સફળ બનાવવા શિક્ષકો અને સેન્ટર ઈન્ચાર્જને પુષ્કળ પ્રામણમાં ટ્રેનિંગ આપી. આજે છ મહિના બાદ મને ખૂબ આનંદ છે કે બાળકો, વાલીઓ અને શિક્ષકોએ ખૂબ જ વ્યવસ્થિત રીતે ઓનલાઈન શિક્ષણ અપનાવ્યું. સંસ્થાના ચેરમેન પ્રહરભાઈ અંજારિયા વધુમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૯થી રંગોલી સંસ્થા શિક્ષણ ક્ષેત્રમાં અજવાળુ પાથરી રહી છે. જે માટે અમને રાજય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ઘણા એવોર્ડ પ્રાપ્ત થયા છે જેનો શ્રેય હું તમામ કર્મચારીગણ, ફ્રેન્ચાઈઝી પાટનર્સ તથા પેરેન્ટસને આપીશ. આવનાર સમયમાં એજયુકેશનલ ઈનોવેશન લાવવા માટે અમારી સંસ્થા તૈયાર છે.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. હિનાબેન કિશોરસિંહ રાઠોડ, ઉ.વ. ૬૩, જીઈબી કોલોની, ગાંધીનગર
- સ્વ. પટેલ પશાભાઈ નારાયણભાઈ, ઉ.વ. ૬૮, ધોળાકુવા, તા. માણસા
- સ્વ. વાઘેલા જશુબેન મફતજી, ઉ.વ. ૬૫, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. મોહનલાલ ગોરધનદાસ તન્ના, ઉ.વ. ૮૨, સરગાસણ, ગાંધીનગર
- સ્વ. પોપટજી કરમશીજી ઠાકોર, ઉ.વ. ૫૫, સાદરા, તા. ગાંધીનગર
- સ્વ. ડાહ્યાભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૭૮, બોરીસણા, તા. કલોલ
- સ્વ. જીલાબા જશવંતસિંહ રાણા, ઉ.વ. ૭૫, પીપળજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. કેતકી કનૈયારામ આદિત્યરાય, ઉ.વ. ૫૫, સેકટર-૧૫, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. કરશનભાઈ હીરાભાઈ રાવળ, ઉ.વ. ૫૮, કડી, જી. મહેસાણા